## કોઈ પણ દેખાઈ જાય તો...

- ✱ સ્વભાવ અત્યંત ખરાબ હોવા છતાં સહનશીલ બનીને ઉંમરે પહોંચેલા પોતાનાં સાસુ-સસરાની સુંદર સેવા કરી રહેલ પુત્રવધૂ.
- ✱ મોજશોખની તમામ અનુકૂળતાઓ હોવા છતાં એ માર્ગે સંપત્તિનો દુર્વ્યય ન કરતાં, ગરીબોનાં આસું લુંછવા માટે સંપત્તિનો સદુપયોગ કરી રહેલ નવયુવક.
- ✱ વાસનાપૂર્તિની તમામ અનુકૂળતા હોવા છતાં મનને સત્ત્વશીલ બનાવીને પોતાની પવિત્રતાને અકબંધ રાખી રહેલાં યુવક અને યુવતી.
- ✱ પત્નીની ચામડી પર અચાનક પ્રગટી ગયેલા સફેદ ડાઘને જોવા છતાં ય અન્ય સ્ત્રી પાછળ ભટકવાનો વિચાર સુદ્ધાં ન કરનાર ખાનદાન પતિ.
- ✱ આમાંના કોઈ પણ તમને દેખાઈ જાય તો તુર્ત વંદન કરવા અમને જણાવવા વિનંતિ અમે હાથ જોડીએ છીએ.

## અમારે ઈનામ આપવું છે...

શિક્ષણના ભયંકર જંગલમ
બાબાનું બાળપણ ગુમ થઈ ગયું છે
ટી.વી. પર આવતી સિરિયલોની ભુલભુલામણીમાં
દીકરીની પવિત્રતા ગુમ થઈ ગઈ છે.
બુદ્ધિની જ બોલબોલાવાળા યુગમાં
હૃદયની નિર્દોષતા ખોવાઈ ગઈ છે.
સ્પર્ધાના આ જમાનામાં
મૂલ્યો ગુમ થઈ ગયા છે.
જાહેરાતોના આ બજારમાં
વિચારશક્તિ અને વિવેકશક્તિ બન્નેય
ગુમ થઈ ગયા છે.
શોધી લાવનારને મોં માગ્યું
ઈનામ આપવાની અમારી તૈયારી છે.

## પપ્પા શું બોલશે?

ખુરસી હવે કામમાં નથી આવતી ને? કાઢી નાખો!
મશીન હવે ચાલતું નથી ને? કાઢી નાખો!
કપડાં નકામાં થઈ ગયા છે ને? કાઢી નાખો!
વૃદ્ધાવસ્થાના કારણે નોકર હવે કામ નથી કરતો ને? રજા આપી દો!
ગાય દૂધ આપતી બંધ થઈ ગઈ છે ને? કતલખાને મોકલી આપો!
મમ્મી-પપ્પા નકામા (?) થઈ ગયા છે ને? વૃદ્ધાશ્રમમાં મોકલી આપો!
કદાચ ભરયુવાન વયે દીકરાને લકવો લાગી જશે તો
એના પપ્પા શું આ શબ્દો બોલી શકશે? 'કાઢી નાખો.'

## જાહેર ચેતવણી...

અમારી જીવનકંપનીમાં વરસોથી મેનેજરની સ્થાને રહેલ દુર્બુદ્ધિને
અમે કંપનીમાંથી કાયમ માટે છૂટી કરી છે
એની લાગતા-વળગતાઓએ નોંધ તો લેવી જ
પરંતુ એને પોતાની જીવનકંપનીમાં નોકરી આપવા ઈચ્છનારને
અમે ચેતવણી આપીએ છીએ કે એને
તમારી જીવનકંપનીમાં સ્થાન આપતા પહેલાં
લાખ વાર વિચાર કરજો,
કારણ કે જીવો સાથે દુશ્મનાવટ પેદા કરાવતા રહેવાનો
એનો હલકટ સ્વભાવ છે,
ઉપકારીઓ સામે બળવો કરતા રહેવાની
એની કનિષ્ટતમ મનોવૃત્તિ છે
એ આત્માને દુર્ગતિમાં રવાના કરી દેવા સિવાય
બીજા એકેયમાં એને રસ નથી.
અમારો આ અનુભવ તમારો અનુભવ ન બની રહે
એવી અમારી અંતરની ઈચ્છા છે.

## કોઈ મને સહાય કરશો?...

ટ્રાફિકના સિગ્નલ પરની લાલ લાઈટ ગમે કે ન ગમે,
ત્યાં ગાડી ઊભી રાખી દેનાર માણસ
પોતાને અને પોતાની ગાડીને સલામત રાખી જ દે છે.
આયુષ્યના સિગ્નલ પરની પ્રભુની ન વિચારવારૂપ,
ન બોલવારૂપ અને ન કરવારૂપ લાલ લાઈટ મને ગમે કે ન ગમે,
હું જો ત્યાં જ ઊભો રહી જાઈશ તો મારા જીવનને
અને મારા આત્માને અચૂક સલામત રાખી શકીશ.
મારા અંતરમાં સમ્યક્ સમજણના પ્રગટેલા
આ ભંડાર પરના દીપકને હું અખંડ દીપક બનાવી દેવા માગું છું.
કોઈ મને સહાય કરશો?

## મને કોઈ મદદ કરશે?...

મનમાં છે, વિચારોનો ભાર
આંખમાં છે, સપનાંઓનો ભાર
હૃદયમાં છે, કલ્પનાઓનો ભાર
મનમાં છે, તૃષ્ણાનો ભાર.
દિલમાં છે, ઈર્ષ્યાનો ભાર.
જીભ પર છે, પરનિંદાનો ભાર.
આટઆટલા જાતજાતના ભાર ઊંચકીને જીવાતી
જિંદગીમાં હું પ્રસન્નતા ન અનુભવી શકતો હોઉં
એમાં કોઈ નવાઈ નથી, મારે આ ભારને ઉતારી નાખવો છે.
મને કોઈ મદદ કરશે?....

## ડોકટરનું સરનામું જોઈએ છે....

ગાંઠ શેરડીમાં, ત્યાં રસ ન મળ્યો.
ગાંઠ દોરામાં, એ સોયમાં પરોવાઈ ન શકાયો.
ગાંઠ ગળામાં, એ તંદુરસ્તન રહી શક્યો.
ગાંઠ રૂમાલમાં, એ કાંઈ ઝીલી ન શક્યો.
મારા મનને મેં તપાસ્યું છે.
ત્યાં મને વ્યક્તિઓ પ્રત્યે બંધાઈ ગયેલ દુશ્મનાવટની
પુષ્કળ ગાંઠો દેખાઈ છે.
તાત્કાલિક મારે આ તમામ ગાંઠોનું ઓપરેશન કરાવી
લેવું છે કારણ કે આ ગાંઠોએ જ મારા જીવનને
રસહીન, ધર્મહીન અને ઉત્સાહહીન કરી નાખ્યું છે.
ઓપરેશન કરી શકનાર ડોકટરનું સરનામું જોઈએ છે.

## પાગલપનથી મુક્ત કરનાર ડોકટરની જરૂર છે...

સંપતિએ મને જવાબ આપ્યો છે એટેકથી.
ક્રોધે મને જવાબ આપ્યો છે બ્લડપ્રેસરથી.
અપેક્ષાઓએ મને જવાબ આપ્યો છે અશાંતિથી .
ખ્યાતિની ભૂખે મને જવાબ આપ્યો છે અનિદ્રાથી.
પ્રથમ નંબર પર જ રેહવની ભૂખે મને જવાબ આપ્યો છે અલ્સરથી અને
વાસનાની જાલિમ ભૂખે મને જવાબ આપ્યો છે એઈડ્ઝથી.
આ તમામ પ્રકારના પાગલપનથી મારે મુક્ત થવું જ છે.
કોઈ ડોકટર છે?

## અત્યારે એક તલાશ છે....

હું મૂરખ હતો, શિક્ષણે મને ચાલાક બનાવ્યો.
હું પવિત્ર હતો, ટી.વી. ની સિરિયલોએ મને પરિપકવ (?) બનાવ્યો.
હું સંતોષી હતો, જાહેરાતોના જંગલે મને અતૃપ્ત બનાવ્યો.
હું ભોળો હતો, સમાજે મને હોશિયાર બનાવ્યો.
હું શ્રમવાન હતો, બુદ્ધિજીવીઓએ મને ક્રાંતિકારી (?) બનાવ્યો.
હું ભક્ત હતો, વિજ્ઞાને મને સ્નાતક (?) બનાવ્યો.
હું માણસ હતો, રાજનેતાઓએ મને મશીન(?) બનાવ્યો.
હું અત્યારે એવા કોઈ હાથની તલાશમાં છું કે , જે હાથ મને સજ્જન બનાવી દે.

## અસંભવ

રેતીમાં ખેતી? અસંભવ!
આગમાં શીતળતા? અસંભવ!
સર્પની દાઢમાં અમૃત? અસંભવ!
કરિયાતામાં મીઠાશ? અસંભવ!
વિષમાં જીવન? અસંભવ!
આ સમજ તો હું જેમ જેમ પુખ્ત બનતો ગયો છું
તેમ તેમ મારામાં આવતી ગઈ છે પરંતુ
'પદાર્થમાં સુખ? અસંભવ!'ની પ્રભુની વાત
આજેય મારી સમજનો વિષય બની નથી.
હું ખૂબ દુઃખી છું.

## હિંમત કેળવવા માટે...

મને દારૂની બોટલની ઓફર કરનારને, હું ના ન પાડી શક્યો.
ગંદી ફીલ્મ જોવાનું આમંત્રણ જેણે પણ મને આપ્યું, એને હું ના ન પાડી શક્યો.
કલબમાં જુગાર રમવા જે પણ મને લઈ ગયો, એને હું ના ન પાડી શક્યો.
ગલત રસ્તે ટૂંકા સમયમાં અતિ ઝડપથી પૈસા બનાવી લેવાની મિત્રની વાતને, હું ના ન પાડી શક્યો.
આજે મને ખ્યાલ આવે છે કે આવાં બધાં કનિષ્ટતમ
પરિબળોને ના પાડવાની હિંમત કેળવવા માટે
અંતરમાં શ્રેષ્ઠતમ પરિબળો માટે 'હા' પાડવાની
હિંમત કેળવી ચૂક્યું હોય એવું મન જોઈએ છે કે જે મારી પાસે નહોતું.

## કચરાનો સફાયો

અત્તરની બાટલી મેં ગટરમાં ક્યારેય ખાલી કરી નથી,
સંપત્તિનું રોકાણ કચરામાં મેં ક્યારેય કર્યું નથી,
પાંચ લાખની ગાડીમાં મેં ગંદવાડ ક્યારેય ભર્યો નથી
પણ મારું મન?
વાસનાની ગટરમાં, લોભના કચરામાં અને
દુશ્નાવટવૃત્તિના ગંદવાડમાં જ મેં વરસોથી રોકી દીધું છે.
એનું જ આ પરિણામ છે કે આજે મારા જીવનમાં
દોષોની દુર્ગંધ કલ્પનાતીત હદે પ્રસરી ગઈ છે.
હું ચાહું છું એવી આગ કે જે આ દુર્ગંધના વાહક
એવા કચરાનો સફાયો કરીને જ રહે.

## કોઈ રહેમ કરશો?

હું શ્રીમંત છું એ કર્મસત્તાની મહેરબાની છે.
હું બળવાન છું એ કર્મસત્તાની ઉદારતા છે.
હું સફળ છું એ કર્મસત્તાની દેણગી છે.
હું વિદ્વાન છું એ કર્મસત્તાની રહેમ છે.
હું સત્તાધીશ છું એ કર્મસત્તાની મહેર છે.
મારે તો સજ્જન બનવું છે, સંત બનવું છે,
સરળ બનવું છે, ઉદાર બનવું છે, પરોપકારી બનવું છે,
યાવત્ પરમાત્મા બનવું છે.
ઓ ધર્મસત્તા! મારા પર રહેમ કરશો?

## આત્મ નિરીક્ષણ

મને કોઈએ 'ઉદાર' કહ્યો, મને ખૂબ ગમ્યું.
મને કોઈએ 'પવિત્ર'નું વિશેષણ આપ્યું, હું અત્યંત આનંદિત થઈ ગયો.
મને કોઈએ 'સત્યવાદી'નું સર્ટીફિકેટ આપ્યું, મારા આનંદનો પાર ન રહ્યો.
મને કો'કે 'સરળ' જાહેર કર્યો, મારી રોમરાજી વિકસ્વર થઈ ગઈ.
મને કો'કે '૪૨૦'ના વિશેષણથી નવાજ્યો, હું આવેશમાં આવી ગયો
મને કોકે 'દંભી' જાહેર કર્યો, હું એના પર તૂટી પડ્યો.
મને કોકે 'વ્યભિચારી'ની ગાળ દીધી, હું સમસમી ગયો.
મેં આત્મનિરીક્ષણ કર્યું.
જે વિશેષણોમાં મને આનંદ થયો હતો એ બધાય ખોટા હતા.
જે વિશેષણોમાં હું આવેશમાં આવી ગયો હતો એ બધાય સાચા હતા.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु